**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૩ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૮ ટકા

# ગણપતિની પ્રતિમાઓ તૈયાર કરવામાં મૂર્તિકારો વ્યસ્ત

## શહેરમાં વર્ષોથી ભગવાનની મૂર્તિ બનાવતા સોલંકી પરિવાર દ્વારા ૩૦૦ જેટલી માટીની મૂર્તિઓ તૈયાર કરવામાં આવી : રિધ્ધિ-સિધ્ધિ, શિવ-પાર્વતી, મુશક, ડમરુ જેવી મુદ્રાઓમાં માટીની મૂર્તિઓ તૈયાર કરવામાં આવી





ગાંધીનગર, તા.૯

ભાદરવા સુદ-ચોથને ૩૧મી ઓગસ્ટના રોજ ગણેશ ચતુર્થી છે. ત્યારે ગણેશજીની મૂર્તિઓ શહેરના કારીગર દ્વારા સુંદર રીતે તૈયાર કરવામાં આવી છે. વર્ષોથી ભગવાનની મૂર્તિઓ બનાવીને પરિવારનું ગુજરાન ચલાવતાં સે-૪માં રહેતાં સોલંકી પરિવારના અમીતભાઈ કૌશિકભાઈ સોલંકી જેઓ પોતાના પિતા પાસેથી વારસામાં મૂર્તિઓની બનાવટ શીખ્યા અનેઆ વ્યવસાયમાં માહિર છે. ગણેશ ચતુર્થી નિમિત્તે ૩૦૦ નંગ જેટલી ગણેશજીની મૂર્તિઓ તૈયાર કરી છે. આ અગાઉ દશા માતાજીની મૂર્તિ તૈયાર કરવામાં આવી હતી.

આજે પણ માટીમાંથી વિવિધ વસ્તુ બનાવવાની બાપદાદાની વર્ષો જુની પરંપરા જાળવી રાખી છે. જેમાં ગણેશજીની વિવિધ મૂર્તિ મુદ્રાઓ જેવી કે શિવપાર્વતી, રિધ્ધિ-સિધ્ધિ, ડમરુ, સિંહાસન, મુશક, મોર સાથે બિરાજમાન કરી માટીની મૂર્તિઓને સુંદર રંગરોગાન કરી તૈયાર કરવામાં આવી છે. જે ૧થી ૨ ફુટમાં બનાવવામાં આવે છે.

### તહેવારોમાં કારીગરો વિવિધ પ્રકારની મૂર્તિઓ બનાવી તેનું વેચાણ કરે છે

હિન્દુ ધર્મના વિવિધ ધાર્મિક તહેવારોમાં આ માટીકામના કારીગરો વિવિધ પ્રકારની મૂર્તિઓ બનાવી તેનું વેચાણ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહયા છે. તાજેતરમાં જ દશામાંના વ્રતમાં આ કારીગરોએ માટીમાંથી માતાજીની સુંદર પ્રતિમાઓ બનાવીહતી અને હવે આગામી ભાદરવા સુદ-ચોથના દિવસે ગણપતિ ભગવાનની આરાધનાનું પવિત્ર પર્વ ગણેશ ચતુર્થીનો તહેવાર આવી રહયો છે જેથી સોલંકી પરિવારના માટીકામના કારીગરોએ માટીમાંથી ગણપતિ દાદાની વિવિધ મુદ્રાઓવાળી મૂર્તિઓ બનાવવાના શ્રીગણેશ કર્યા છે.

### એક મૂર્તિ બનાવવામાં એક દિવસનો સમય લાગે છે

મૂર્તિકાર અમિત સોલંકીએ જણાવ્યું હતું કે હવે લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા આવતા તેઓ પીઓપીની જગ્યાએ માટીમાંથી તૈયાર કરવામાં આવેલી મૂર્તિઓ ખરીદવાનું વધુ પસંદ કરી રહયા છે. જેથી અગાઉથી એડવાન્સ બુકીંગ કરાવતાં હોવાથી તેમજ માટીમાંથી બનતી મૂર્તિ બનાવવામાં એક દિવસ લાગે છે. જેમાં કલરકામ માટેના દિવસ જુદા થાય છે. તેથી અમે માર્ચ મહિનાથી માટીની મૂર્તિઓ બનાવવાની શરૂઆત કરી હતી.

### કારીગરોએ વિવિધ પ્રકારની મૂર્તિઓ બનાવી

ગણેશ ચતુર્થીને લઈ ગણપતિની વિવિધ પ્રકારની મૂર્તિઓ બનાવી છે જેમાં બાહુબલી અવતાર, ગણપતિ સિંહાસન, શંખ, ડમરુ, શેષનાગ પર બિરાજમાન હોય તેવી મુર્તિ, રિધ્ધી-સિધ્ધિ, શિવ-પાર્વતીની મૂર્તિઓ બનાવવામાં આવી છે અને સુંદર રીતે રંગરોગાન કરી ગણેશજીની માટીની મૂર્તિ તૈયાર કરી છે.

### ગણેશજીની મૂર્તિ કઈ રીતે બને છે ?

માટીની મુર્તિ બનાવવા માટે સૌપ્રથમ ચીકણી માટી લાવીને તેને થોડા દિવસ પાણીમાં પલાળવામાં આવે છે પછી તેને ચારણી વડે ચાળી લઈ માટીને પગ વડે ખુંદીને તૈયાર કરવામાં આવેછે. પછી તે માટીમાંથી મૂર્તિઓ બનાવવામાં આવે છે.

## જન્મદિને વધામણી



આરતીબેન ભટ્ટ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



ભરત દેસાઈ
કેમ્પસ મેનેજર, ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી
મો. ૯૯૦૯૭ ૭૮૫૫૮



ખ્યાતિ યમરાજ પંડ્યા
મો. ૯૪૨૭૦ ૪૪૮૭૬



રસિકભાઈ જે ગાંધી
મો. ૯૪૨૬૫ ૬૯૪૭૫



દિનાબેન ભટ્ટ
લાયોનેસ ક્લબ



બિપીનભાઈ કે ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



દિશાબેન જણસારી
લાયોનેસ ક્લબ



જય પટેલ



સોલંકી ફાલ્ગુનીબેન ડી



હર્શિવ નયન રત્નાકર



ચૌહાણ શ્વેતા શાંતિલાલ
મો. ૬૩૫૨૩૯૬૩૫૯



હીર પંકજકુમાર આગજા



યશરાજ ધર્મેન્દ્ર કાપડિયા
મો. ૯૪૨૭૦ ૦૬૩૫૭



પારૂલબેન એન. ત્રિવેદી

## ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતમાં બાઈક રેલી સ્વરૂપે તિરંગા યાત્રા યોજાઈ



ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરના સેક્ટર-૨, શોપિંગ સેન્ટર સ્થિત વોર્ડ નં.૯ના ભાજપ કાર્યાલય ખાતે આયોજિત કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહી તિરંગા વિતરણ કર્યું હતું અને બાઈક રેલી સ્વરૂપે આયોજિત તિરંગા યાત્રામાં જોડાયા હતા. સમસ્ત નગરજનોને 'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાઈને આઝાદીના અમૃત પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, પી.પી. સ્વામીજી ઉપરાંત સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બિરસા મુંડા ભવન ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૯

વિશ્વ આદિવાસી દિવસ નિમિતે ગાંધીનગર બિરસા મુંડા ભવન સેકટર-૧૦ ખાતે ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી ના આદિજાતિ મોર્ચા પ્રમુખ જયદેવ પરમાર અને મહામંત્રી રઘુવીર દામા, ઉપપ્રમુખ હર્ષિલ ડામોર અને મંત્રી વિજયભાઈ બુવલ અને પ્રણવ દેવધા તથા સામાજિક આગેવાન વિદ્યાર્થી મિત્રો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

## ગિફ્ટ સીટીની લિયો કિડ્સ પ્રિ સ્કૂલમાં મેઘજલની મજા માણતા ભૂલકાં



જેઠીપુરા-ગિફટસીટી ગ્રેટ પાસે લિયો કિડસ પ્રી સ્કુલમાં મેઘજળનું મહત્વ વિશે કાર્યક્રમ યોજાયો હતો. હાલ ચોમાસાની વરસાદી હેલીમાં વરસાદના પાણી ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના ભૂલકાંઓને વરસાદના પાણીનું મહત્વ સૂચવતી વિવિધ પ્રવૃતિઓ અને જળ એજ જીવન અંગે સમજાવી બાળકોને વરસતાં વરસાદની બાળકોને મજા કરાવવામાં આવી હતી.

## આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૯

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અને ભારતનાં ૭૫માં સ્વતંત્રતા દિવસની ઉજવણીનાં ભાગરૂપે મિલાપ ટાટારિઆ દ્વારા આયોજિત અને ડૉ. નિધિ ફિઝિયો વર્લ્ડનાં સહયોગથી સેક્ટર-૨૧ ખાતે તા. ૧૪મી ઑગસ્ટે સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધી અને તા. ૧૫મી ઑગસ્ટે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી ફિઝિયોથેરાપી કેમ્પનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે તો કેમ્પનાં દિવસે સ્પોર્ટ્સ ફિઝિયો થેરાપીસ્ટનાં જાણીતાં નિષ્ણાંત ડૉક્ટર નિધિ લેકિનવાલા દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે તથા ડૉ. નવનીત ઝાલા અને ડૉ. મેધાવી પટેલ વિશેષ સહભાગી રહેશે. આ કેમ્પમાં ગરદન, કમર, ખભા તેમજ ઘૂંટણનાં દુઃખાવા, રમત-ગમત દરમિયાન થતી ઈજાઓ અને તેનાં પછીની સારવાર, ફરતો વા, સાંધામાં ઘસારાની સારવાર વગેરે... અદ્યતન મશીનોની મદદથી પ્રેક્ટીકલી સારવાર આપવામાં આવશે. આ નિઃશુલ્ક કેમ્પમાં લાભ લેવા અને રજિસ્ટ્રેશન કરવા માટે ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૫૭૫૦૨૪૨૩૨ ઉપર નામ નોંધાવી લેવા તેમ મિલાપ ટાટારિઆ દ્વારા જણાવવામાં આપ્યું હતું.

## સરિતા ઉદ્યાન ખાતે યોગ પ્રાણાયામ સાથે ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સરિતા ઉદ્યાન ખાતે યોગના ઉપાસકો દ્વારા ફ્રેન્ડશીપ ડેની અનોખી ઊજવણી કરવામાં આવી હતી. સરિતા ઉદ્યાન ખાતે સૌને હળવી કસરતો, યોગ અને પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્ડિનેટર ભાવનાબેન જોષી અને યોગ કોચ યોગેશ જણસારી દ્વારા આ સેશન લેવામાં આવ્યું હતું. ફ્રેન્ડશીપ ડે નિમિત્તે સૌએ એકબીજાને શુભેચ્છા પાઠવી હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ ટીમ લીડર સ્નેહા પટેલ, ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન ધરાવતા મેરેથોન રનર સંજય થોરાતે હાજરી આપીને રમત ગમત અને કસરતની મહત્ત્વતા સમજાવી હતી.

આ પ્રસંગે યોગ ટીમ લીડર અસ્મિતાબેન પટેલ અને આશાબેન હાજર રહ્યાં હતાં. સરિતા ઉદ્યાન ખાતેનો યોગ પ્રાણાયામ સાથેનો ફ્રેન્ડશીપ ડે યાદગાર બની રહ્યો હતો.

## ગાંધીનગર મહાનગર મહિલા મોરચા દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ



કમલમ સેક્ટર-૨૧ ખાતે ગાંધીનગર મહાનગર મહિલા મોરચા દ્વારા રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણીના કાર્યક્રમમાં મેયર હિતેશભાઈ મકવાણા સાથે શહેર અધ્યક્ષ રૂચિરભાઈ ભટ્ટ, ડે.મેયર, સ્ટે.ચેરમેન, શહેર મહામંત્રીઓ, કાઉન્સિલરો, તમામ વોર્ડના પ્રમુખો, મહામંત્રીઓ, યુવા મોરચો, મહિલા મોરચો, ગાંધીનગર મહાનગરના સર્વે કાર્યકર્તા ભાઈઓ તથા બહેનો ખુબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ક્વિઝ સ્પર્ધા યોજાઈ



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે હાઉસ વાઈસ ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી. ત્રણેય હાઉસના ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓએ ક્વિઝમાં ભાગ લીધો હતો. પ્રાથમિક વિભાગના બાળકોએ પોતાની ક્ષમતા અનુસાર દરેક લેવલમાં ખૂબ જ અસરકારક જવાબો આપ્યા હતા. આ સ્પર્ધા ૨ લેવલમાં યોજવામાં આવી હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન અમારા બાળકોને આપણા દેશ અને તેને સંબંધિત ફેક્ટથી વધુ પરિચિત કરાવવા માટે કરવામાં આવ્યું હતું.

## એસ.જી.અંગ્રેજી માધ્યમમાં બટન ક્રાફ્ટ પ્રવૃતિ યોજાઈ



એસ જી અને એસ વી અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળામા બટન ક્રાફ્ટ પ્રવૃત્તિનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ બટનના ઉપયોગ થી વિવિધ સુંદર ચિત્રો બનાવ્યા હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ.ગોહિલ ભરતજી મણાજી, ઉ.વ.૪૫, ઈન્દ્રોડા
- સ્વ.બારોટ સુમતિબેન શંકરભાઈ, ઉ.વ.૮૬, સેકટર-૧૪
- સ્વ.ઠાકોર સોમાજી ભુપતજી, ઉ.વ.૭૬, પેથાપુર, ફતેપુરા
- સ્વ.ચૌહાણ બકોરસિંહ રાઘુસિંહ, ઉ.વ.૫૪, ઈન્દ્રાસપુર, પ્રાંતિજ
- સ્વ.ઠાકોર લક્ષ્મણભાઈ મોહનભાઈ, ઉ.વ.૫૩, પીંડારડા

**● રૂદ્રભુમિ ●**

- સ્વ.રાઠોડ હંસાબેન ઘનશ્યામસિંહ, ઉ.વ.૭૪, સુરેન્દ્રનગર
- સ્વ.પટેલ સવિતાબેન જયંતિલાલ, ઉ.વ.૫૮, અમદાવાદ